# દાહોદમાં બનેલા રેલવે એન્જિન દુનિયામાં દોડતા જોવા મળશે

## ૨૨,૦૦૦ કરોડની યોજનાના ખાતમૂહુર્ત અને લોકાર્પણ દરેક ઘરમાં નળથી જળ પહોંચવાથી રાહત થઈ : મોદી : એશિયાનાં સૌથી મોટા ડોમમાં મોદીએ સભા સંબોધી

પંચમહાલ, તા.૨૦

ગુજરાત પ્રવાસના ત્રીજા દિવસે પીએમ મોદી આજે સાંજે દાહોદ પહોંચ્યા હતા. જ્યાં તેમણે ૨૨,૦૦૦ કરોડ રુપિયાની અલગ-અલગ યોજનાના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યા હતા.

પીએમે કહ્યું હતુ કે, દાહોદ હવે વિકાસની દોડમાં વડોદરાને હરિફાઈ આપવા સજ્જ બની રહ્યું છે. દાહોદના કાર્યક્રમના આયોજનના વખાણ કરતા પીએમે કહ્યું હતુ કે તેઓ પોતે ગુજરાતના સીએમ હતા ત્યારે પણ દાહોદમાં આટલો મોટો કાર્યક્રમ નહોતા કરી શક્યા, પરંતુ સીએમ ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલે આ શક્ય કરી બતાવ્યું છે.






પીએમે જણાવ્યું હતું કે, તેમના જાહેર જીવનના પ્રારંભિક કાળમાં ઉમરગામથી અંબાજી તેમનું કાર્યક્ષેત્ર હતું. આદિવાસીઓ વચ્ચે રહીને પોતાને ઘણું શીખવા મળ્યું હોવાનું પણ પીએમે કહ્યું હતું. દાહોદ-પંચમહાલમાં ૨૨,૦૦૦ કરોડથી વધુની યોજનાઓના લોકાર્પણ અને શિલાન્યાસ અંગે પીએમે કહ્યું હતું કે, એક યોજના દાહોદને સ્માર્ટ સિટી બનાવવાની જ્યારે બીજી પીવાના પાણી સાથે સંકળાયેલી છે. પીવાના પાણીની યોજનાથી દાહોદની માતા-બહેનોનું જીવન ઘણું સરળ બની જશે. દાહોદ હવે મેક ઈન ઈન્ડિયાનું પણ મોટું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. દાહોદમાં અંગ્રેજોના કાળ દરમિયાન રેલવેના સ્ટીમ એન્જિન બનાવતું કારખાનું હવે ઈલેક્ટ્રીક એન્જિન બનાવશે, તેમ પણ પીએમે ઉમેર્યું હતું.

ભારતીય રેલવેના આ કારખાનાથી હજારો યુવાનોને રોજગાર મળશે તેમ કહેતા પીએમે જણાવ્યું હતું કે, હવે રેલવે આધુનિક બની રહી છે. માલગાડીઓ માટે અલગ ટ્રેક બની રહ્યા છે. જેના કારણે એન્જિનની માગ વધશે, જે ડિમાન્ડ દાહોદમાં સ્થપાનારું કારખાનું પૂરી કરશે. અહીંના એન્જિન માત્ર ભારત જ નહીં, પરંતુ દુનિયાભરમાં નિકાસ થશે. અહીં ૯,૦૦૦ હોર્સપાવરના એન્જિન બનશે, અને એક નવું જ દાહોદ સર્જાશે. હવે તો એવું લાગે છે કે દાહોદ હવે વડોદરાની સ્પર્ધા કરવા સજ્જ બની રહ્યું છે.

દાહોદમાં પોતે વિતાવેલા સમયને યાદ કરતા પીએમે કહ્યું હતુ કે, એક સમયે તેઓ બસ કે સ્કૂટર પર દાહોદ આવતા હતા. પોતે સીએમ હતા ત્યારે દાહોદમાં આટલો મોટો કાર્યક્રમ કરી નહોતો શક્યો, પરંતુ હાલના સીએમ ભૂપેન્દ્ર પટેલે આટલા મોટા કાર્યક્રમનું આયોજન કરી બતાવ્યું છે. પીએમે આ કાર્યક્રમના આયોજન બદલ સીઆર પાટીલનો પણ આભાર માન્યો હતો. સરકારની યોજનાના કેન્દ્રબિન્દુમાં માતા અને બહેનો રહેલી છે, માટે જ ઘેરઘેરથી નળથી જળ પહોંચાડવું છે તેવું પીએમે કહ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે, દેશમાં અઢી વર્ષમાં છ કરોડ ઘરોમાં નળથી જળ પહોંચાડી દેવાયું છે, અને ગુજરાતમાં પણ આદિવાસી વિસ્તારોમાં પણ પાંચ લાખ ઘરોમાં નળથી જળ પહોંચાડાયું છે અને આવનારા દિવસોમાં પણ આ કામ પૂરઝડપે ચાલવાનું છે.

# નર્મદ યુનિ.ના કોમર્સના છઠ્ઠા સેમ.માં ઈકોનોમિક્સનું પેપર ફૂટ્યું

### ગુજરાતમાં પેપર લિક વણથંભ્યું જારી : એક કલાક પૂર્વે જ આ પેપર ફૂટતા સમગ્ર તંત્રમાં દોડધામ, સેનેટ સભ્યની ફરિયાદથી પરીક્ષા રદ કરવા ફરજ પડી

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં પેપર લીક કાંડ અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. એક બાદ એક પેપરો ફૂટી રહ્યાં છે. મળતા અહેવાલ પ્રમાણે બુધવારે બેચરલ ઓફ કોમર્સના છઠ્ઠા સેમેસ્ટરનું પેપર ફૂટ્યું છે. વીર નર્મદ યુનિવર્સિટીમાં બુધવારે ઈકોનોમીક્સના પેપરના એક કલાક પૂર્વે જ આ પેપર ફૂટતા સમગ્ર તંત્રમાં દોડધામ મચી ગઈ છે. પરીક્ષાના એક કલાક પહેલાં જ સેનેટ સભ્યની ફરિયાદને આધારે યુનિવર્સિટીએ પરીક્ષા રદ કરવાની ફરજ પડી છે. પેપર લીકના આક્ષેપ વચ્ચે કુલપતિએ આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય આગામી પાંચ બાકી વિષયોના પેપરો પણ રદ્દ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. પેપર લીકના આક્ષેપ વચ્ચે કુલપતિએ આ પરીક્ષા રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય આગામી પાંચ બાકી વિષયોના પેપરો પણ રદ્દ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જોકે વીસીએ પેપર ફૂટ્યાંના દાવાને નકાર્યો હતો અને કહ્યું હતુ કે પ્રશ્નપત્રના પેપર ભૂલથી ખુલી જતા પેપર રદ્દ કરવામાં આવ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ પાસે ઈકોનોમિક્સ સેમેસ્ટર-૬ના સવાલો ફરતા થયા હતા.

# મોહનરાવ ભાગવતનું વ્યક્તવ્ય પુસ્તક પરિતોષિક અને ગ્રંથ લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃત ભાષાના પુસ્તક પરિતોષિક અર્પણ સમારોહ યોજવામાં આવ્યો છે. તેની સાથે રાષ્ટ્રીય સેવક સંઘના સરસંઘ ચાલક મોહનરાવ ભાગવત 'અનન્ય શ્રી જગન્નાથ અનુભૂતિમાં' પુસ્તકનું લોકાર્પણ કરશે. ઓરિસ્સાના ખ્યાત લેખક રજતકુમાર કરના આ પુસ્તકનું ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

તા. ૨૧ એપ્રિલ ગુરૂવારે કે.સી.જી. સભાખંડ, પ્રજ્ઞાપુરમ, એલ.ડી. એન્જીનિયરિંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે સાંજે ૫ વાગે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તેમાં મોહનરાવ ભાગવતનું વ્યાખ્યાન થશે તેમજ અતિથિવિશેષ તરીકે મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.



# સે.૧૩માં સિનિયર સિટિઝન ગૃપે પક્ષી પરબોનું સ્થાપન કર્યુ

ગાંધીનગર પ્રકૃતિપ્રેમી નાગરિકોનું શહેર છે. શહેરમાં અત્યારે ઉનાળાને અનુલક્ષીને વિવિધ સેવાકીય સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સ્વયંસેવકો દ્વારા અબોલ પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા પક્ષી પરબોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શહેરના સે.૧૩ના સિનિયર સિટિઝન ગૃપ દ્વારા બગીચામાં પક્ષીઓ માટે પાણીના કુંડા લગાવી તેમાં દરરોજ પાણી ભરાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કાર્યમાં એરફોર્સના નિવૃત કર્મી ભરતસિંહ પણ મદદરૂપ બન્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે આ સેવા કાર્ય માટે શહેરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા માટીના કુંડા ભેટ આપવામાં આવ્યાં હતાં.

# "ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨"માં કરવામાં આવેલા સમજૂતી કરારો

| ક્રમ | જે સમજૂતી કરાર થયા તે કરારનું નામ | ભારતના પક્ષે કરાર કરનારી સંસ્થા અને અધિકારી | સમજૂતી કરાર કરનારી ભાગીદાર સંસ્થા અને વ્યક્તિ |
|---|---|---|---|
| 1 | રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ (RAV), આયુષ મંત્રાલય અને ફાઉંડેશન દે સલ્યૂડ આયુર્વેદ પ્રેમ (આયુર્વેદ પ્રેમ હેલ્થ ફાઉન્ડેશન), આર્જેન્ટિના દ્વારા The Establishment of an Academic Collaboration in Ayurveda ના સમજૂતી કરાર કરવામાં આવ્યા | ડૉ.અનુપમ શ્રીવાસ્તવ, નિયામક, રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ | ડૉ.જોર્જ લુઈસ બેરા, નિયામક, ફાઉંડેશન દે સલ્યૂડ આયુર્વેદ પ્રેમ (આયુર્વેદ પ્રેમ હેલ્થ ફાઉન્ડેશન), આર્જેન્ટિના |
| 2. | ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ(AIIA), ફેડરલ યુનિટ ઓફ રિયો-ડી-જાનેરો (UFRJ), બ્રાઝીલ અને બ્રાઝીલીયન એકેડેમિક કોન્સોર્ટિયમ ફોર ઈન્ટિગ્રેટીવ હેલ્થ(CABSIN), બ્રાઝીલ વચ્ચે આયુર્વેદ પરની સંસ્થા સ્થાપિત કરવા માટેના ટ્રાઈ પાર્ટેઈટ (ત્રિસ્તરીય) સમજૂતી કરારો | પ્રૉ.તનુજા મનોજ નેસારી, નિયામક, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA), નવી દિલ્હી | પ્રો. રિકાર્ડો ગેલમેન, ચેર, બ્રાઝિલિયન એકેડેમિક કન્સોર્ટિયમ ફોર ઈન્ટિગ્રેટિવ હેલ્થ (CABSIN), બ્રાઝિલ ડૉ. નીના ક્લાઉડિયા બાર્બોઝા દા સિલ્વા, મદદનીશ અધ્યાપક, રિયો ડી જાનેરોની ફેડરલ યુનિવર્સિટી (UFRJ), બ્રાઝિલ |
| 3. | ઓલ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ, આયુષ મંત્રાલય અને યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક, ટોરોન્ટો (યુએચએન), કેનેડા વચ્ચે સમજૂતી કરાર | પ્રૉ.તનુજા મનોજ નેસારી, નિયામક, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA), નવી દિલ્હી | ડૉ. શેહરોઝ ખાન વૈજ્ઞાનિક, KITE |
| 4. | યુનિવર્સીડિડ ઓટોનોમા ડી ન્યુવો લીઓન (UANL), મેક્સિકો ખાતે આયુર્વેદ ચેરની સ્થાપના માટે સમજૂતી કરારો | પ્રો.રબીનારાયણ આચાર્ય, મહાનિર્દેશક, સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સ (CCRAS) | ડૉ. સાન્દ્રા એન. ગોન્ઝાલેઝ ડિયાઝ MD PhD. FAAAAI, FACAAI યુનિવર્સીડિડ ઓટોનોમા ડી ન્યુવો લીઓન (UANL) ડિરેક્ટોરા ડી રિલેસિઓન્સ ઈન્ટરનેસિઓનલેસ મોન્ટેરે,મેક્સિકો |
| 5 | ફિલિપાઈન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રેડિશનલ એન્ડ ઓલ્ટરનેટિવ હેલ્થ કેર (PITAHC), ફિલિપાઈન્સ અને NIA, જયપુર આયુષ મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા વચ્ચે આયુર્વેદ અને અન્ય પરંપરાગત દવાઓના ક્ષેત્રે સહકાર પર સમજૂતી કરારો | ડૉ. સંજીવ શર્મા, નિયામક અને વાઈસ ચાન્સેલર (I/c) ડિમ્ડ-ટુ-બી-યુનિવર્સિટી, NIA, જયપુર | ડૉ. એનાબેલ પી. ડી ગુઝમેન, ડિરેક્ટર જનરલ, PITHAC, ફિલિપાઈન્સ |

# કાંધલ જાડેજાને પોલીસ જાપ્તામાંથી ભાગવાના કેસમાં દોઢ વર્ષની કેદ

### કાંધલ જાડેજાનું ધારાસભ્ય પદ પણ જોખમમાં આવી શકે છે, ચુકાદાને ઉપલી કોર્ટમાં પડકારવાનો વિકલ્પ ખૂલ્લો

અમદાવાદ, તા.૨૦

પોરબંદર જિલ્લાની કુતિયાણા બેઠકના એનસીપીના ધારાસભ્ય, અને બાહુબલિ નેતા તરીકે ઓળખાતા કાંધલ જાડેજાને કોર્ટે પોલીસ જાપ્તામાંથી ભાગી જવાના કેસમાં દોઢ વર્ષની સજા અને ૧૦ હજાર રુપિયાનો દંડ ફટકાર્યો છે. ૨૦૦૭ના આ કેસમાં પોલીસને થાપ આપી કાંધલ જાડેજા શિવાની હોસ્પિટલમાંથી ભાગી છૂટ્યા હતા. પોલીસે ૨૦૦૯માં તેમની ફરી ધરપકડ કરી હતી. આ કેસમાં હોસ્પિટલના સ્ટાફ, ડૉક્ટર તેમજ પોલીસ સહિત કુલ ૧૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. જોકે, કોર્ટે કાંધલ સિવાયના તમામ આરોપીઓને નિર્દોષ છોડી દીધા છે.

એક મર્ડર કેસમાં પોલીસ કસ્ટડીમાં રહેલા કાંધલ જાડેજાને ૨૦૦૭માં રાજકોટના વિદ્યાનગર મેઈન રોડ પર આવેલી શિવાની હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જ્યાંથી તેઓ પોલીસને ખો આપીને ફરાર થઈ ગયા હતા. આખરે ૨૦૦૯માં પોલીસને મહારાષ્ટ્રથી કાંધલ જાડેજાની ધરપડ કરવામાં સફળતા મળી હતી. આ મામલે હોસ્પિટલના ડૉ. તુષાર શાહ તેમજ ડૉ. સુનિલ પોપટ ઉપરાંત જેલના ડૉ. અમૃતલાલ પરમાર અને ચાર પોલીસ ગાર્ડ સહિતના આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જોકે, તમામને કોર્ટે શંકાનો લાભ આપીને છોડી મૂક્યા હતા.

કોર્ટ દ્વારા દોષિત જાહેર કરાયા બાદ કાંધલ જાડેજાનું ધારાસભ્ય પદ પણ જોખમમાં આવી શકે છે. જોકે, તેમની પાસે નીચલી કોર્ટના ચુકાદાને ઉપલી કોર્ટમાં પડકારવાનો વિકલ્પ ખૂલ્લો છે. ઉપલી કોર્ટ સજા પર સ્ટે આપે તો તેમનું ધારાસભ્ય પદ બચી શકે છે.

પોરબંદરના ગોડમધર તરીકે ઓળખાતા સંતોકબેન જાડેજાના ચાર સંતાનોમાંના એક કાંધલ જાડેજા પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયા બાદ ૨૦૦૯માં મહારાષ્ટ્રથી ફરી પકડાયા ત્યારે તેમના પર ૨૨ જેટલા ગુના

નોંધાયેલા હતા. આ ઉપરાંત, તેઓ ભાજપના કાઉન્સિલર કેશુ ઓડેદરાના મર્ડર કેસમાં પણ મુખ્ય આરોપી હતા. કેશુ ઓડેદરાની ૧ માર્ચ ૨૦૦૫ના રોજ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

કેશુ ઓડેદરાના મર્ડરમાં કાંધલની ધરપકડ કરી તેમને સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી અપાયા હતા.

જોકે, ત્યારબાદ તેમને રાજકોટ શિફ્ટ કરાયા હતા. વારંવાર બીમાર પડતા હોવાથી તેમને વારંવાર રાજકોટની અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવતી હતી. જેમાંથી શિવાની હોસ્પિટલમાં તેમને એડમિટ કરાયા ત્યારે ૬ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ તેઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા, જે અંગે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. કાંધલને પ્રાઈવેટ હોસ્પિટલમાં એડમિટ કરાવવા બદલ પોલીસની પણ આકરી ટીકા થઈ હતી, પરંતુ પોલીસે એવું કહીને બચાવ કર્યો હતો કે તેમને સરકારી હોસ્પિટલમાં એડમિટ કરવા મંજૂરી અપાઈ હતી, અને ઉચ્ચ અધિકારીઓની જાણ બહાર તેમને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જાડેજા પરિવાર અવારનવાર પોતાની માફિયા પ્રવૃત્તિને કારણે સમાચારોમાં રહેતો આવ્યો છે. ૨૦ મે ૨૦૦૬માં કાંધલની ૩૨ વર્ષીય પત્ની રેખા જાડેજાની તેમા કાલાવાડ રોડ સ્થિત ઘરે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે કાંધલના ભાઈ કરણની મુંબઈથી ધરપકડ કરી હતી.

# જૂનાગઢમાં વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક

અમદાવાદ, તા.૨૦

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજ્યમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમી ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ છવાયુ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, જ્યારે જૂનાગઢમાં વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ છવાયુ છે. આ સાથે માળીયાહાટી તાલુકાના ગડોદર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા છે. જૂનાગઢની સાથે દ્વારકા અને ગીરસોમનાથમાં પણ વાદળછાયું વાતાવરણ છવાયુ છે. જેના કારણે આ વિસ્તારના ખેડૂતોમાં પાક બગડવાની ભીતિ છવાઈ રહી છે. જૂનાગઢમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ થતા વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આ સાથે માળીયાહાટી તાલુકાના ગડોદર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી છાંટા વરસ્યા છે. જેના કારણે ખેડૂતોમાં પાક બગડવાની ભીતી છવાઈ છે. આ વિસ્તારના કેરી, તલ, મગ, અડદ તેમજ ડુંગળીના પાકને નુકસાન થવાની શક્યતા વધી છે. ગીર સોમનાથના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. અચાનક વાતાવરણમાં પલટો આવતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

કમોસમી વરસાદથી કેરી પકવતા ખેડૂતોને ભારે નુકસાન થઈ શકે છે. કેસર કેરી પકાવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. કમોસમી વરસાદ પડે તો ભારે નુકશાન થવાની ભીતી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદ સહિત રાજ્યના મોટા ભાગના વિસ્તારોના તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થયો છે. જેના કારણે કાળઝાળ ગરમીમાં સામાન્ય ઘટાડો થયો છે. આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યના વાતાવરણમાં પલટો આવવાની સાથે વરસાદી છાંટીથી લઈ ઝાપટાં પડવા આગાહી કરવામાં આવી છે.

## ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હી સરકાર માસ્ક ફરજિયાત કરવાના સંબંધમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે. સૂત્રોનું માનીએ તો અધિકારીઓએ સામાજિક સમારોહ પર કડક નજર રાખવા અને રાજધાનીમાં ટેસ્ટિંગની સંખ્યા વધારવા પર ભાર આપ્યો છે. વધુમાં સૂત્રોનું કહેવું છે કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. દિલ્હી સ્વાસ્થ્ય વિભાગ મુજબ બુધવારે કોરોનાના નવા ૬૩૨ કેસ સામે આવ્યા છે અને સંક્રમણ દર ૪.૪૨ ટકા થઈ ગઈ હતી.

રાજધાનીમાં કેસની સંખ્યામાં વધારો થતા કેન્દ્ર સરકારે દિલ્હી સરકારને એલર્ટ કરી છે. કેન્દ્રએ દિલ્હી સહિત ઉત્તરપ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને મિઝોરમમાં કોરોના વાયરસના સંક્રમણને વધતંળ અટકાવવા માટે નજર રાખવા અને ચિંતાવાળા વિસ્તારોમાં જરૂર પડે યોગ્ય પગલા ભરવાની સલાહ આપી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે એક પત્રમાં દિલ્હી અને અન્ય ચાર રાજ્યોને "ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રેસિંગની સાથે રસીકરણ અને કોવિડ ગાઈડલાઈનનું પાલન થાય" તે દિશામાં જરુરી પગલા ભરવા માટે જણાવ્યું છે. આ સાથે પત્રમાં ભીડવાળી જગ્યાઓ પર માસ્ક પહેરવા અંગે વધુ ભાર આપવા માટે જણાવવામાં આવ્યું છે.

## ખંડેર બની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવીને ડ્રો કરવા સહીતની પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. પાટનગર યોજના વિભાગ પાસેથી જિલ્લા તંત્રએ આ મુજબની માહીતી માંગી તેને પણ સમય થયો છે. લાંબા સમયથી બિન ઉપયોગી રહેતી દુકાનો હવે જાળવણીના અભાવે ખંડેર બની છે. ત્યારે આ મામલે નવતર આયોજન કરી જરૂરિયાતમંદ લાભાર્થીઓને દુકાન ફાળવવવા માટે ડ્રો ના આધારે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નઝારો બદલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકબાજુ આકરો તાપ અનુભવતા નગરજનો ગરમીથી અકળાઈ રહ્યા હતા જયારે બીજીતરફ અચાનક જ મોસમનો મિજાજ બદલાતા પવનના સુસવાટા વચ્ચે ધુળની ડમરીઓ ઉડતા વરસાદી નઝારો સર્જાયો હતો. બપોર બાદ સુસવાટા મારતા ઠંડા પવન સાથે વરસાદી વાયરો ફુંકાયો હતો જેના લીધે નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી. વાદળિયા વાતવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદનુ માવઠુ થશે તેવુ સ્પષ્ટ વર્તાઈ રહ્યુ હતુ જો કે મોડી સાંજ સુધી આકાશમાં વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. જયારે વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે આજે ગરમીનો પારો પણ ગગડયો હતો. મહત્તમ તાપમાન છેલ્લા ચાર પાંચ દિવસથી ૪૨ ડીગ્રીની નજીક રહેતુ હતુ જયારે મોસમનો મિજાજ બદલાતા જ આજે ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર આવી ગયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯.૫ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે આકરા તાપ અને ગરમીમાં શહેરીજનોએ રાહત અનુભવી હતી. જો કે બીજીતરફ લઘુત્તમ તાપમાન એક ડીગ્રી ઉપર આવ્યુ હતુ સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. મોડી સાંજ સુધી વાદળિયો નઝારો યથાવત રહ્યો હતો. વાતાવરણ પલ્ટાની અસરથી સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં વરસાદી છાંટણા સાથે માવઠુ થયુ હતુ. જયારે ગાંધીનગર અમદવાદ સહીતના વિસ્તારમાં પણ વરસાદી નઝારો નિખર્યો હતો. આકરા ઉનાળે માવઠાના સંજોગો વર્તાતા ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. જો કે દિવસના અંતે શહેરમાં વરસાદ વરસ્યો ન હતો પરંતુ ગમે ત્યારે માવઠુ થશે તેમ સ્પષ્ટ જણાંઈ રહ્યુ હતુ. હવામાન તજજ્ઞોના મતે આકરી ગરમીના દિવસોમાં હજુ બે દિવસ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે જયારે ગમે ત્યારે વરસાદી વાયરા વચ્ચે ઝાપટુ પડવાની પણ સંભાવના છે.

## આયુષ વિઝા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં જ કોરોનાની રસી વિકસાવી શકાઈ. નહીંતર કોણ કલ્પના કરી શકે કે આપણે આટલી જલ્દી કોરોનાની રસી વિકસાવી શક્યા હોત ?

વડાપ્રધાને કહ્યું કે ભારત આયુર્વેદિક વનસ્પતિઓનો ખજાનો છે અને આ રીતે તે આપણું 'ગ્રીન ગોલ્ડ' છે. તેમણે સંસ્કૃત સુભાષિતનો ઉલ્લેખ કરતા કહ્યું કે 'અમંત્રમ્ અક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલમનૌષધમ્' એટલે કે કોઈ પણ અક્ષરથી મંત્ર શરૂ ન થતો હોય તેવું નથી, એ જ રીતે કોઈ પણ વનસ્પતિ ઔષધિ ન હોય એવું નથી. આ દૃષ્ટિએ હિમાલય ઔષધિઓનો ખજાનો છે. ભારતમાં ઉપલબ્ધ આયુષ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ગત વર્ષોમાં કેન્દ્ર સરકારે અનેકવિધ નવતર પ્રયાસો કર્યા છે. તદુપરાંત, અન્ય દેશો સાથે આયુષ દવાઓની પરસ્પર માન્યતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિવિધ દેશો સાથે ૫૦ થી વધુ એમઓયુ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે આપણા આયુષ નિષ્ણાતો બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ સાથે મળીને આઈએસઓના ધોરણો વિકસાવી રહ્યા છે. આનાથી આયુષ ઉતપાદનો માટે ૧૫૦ થી વધુ દેશોમાં નિકાસની વિશાળ તકો અને વૈશ્વિક બજાર વ્યવસ્થા ઉપલબ્ધ થશે.

વડાપ્રધાન મોદીએ ઉમેર્યું હતું કે હ્લજીજીઈં એ ગયા અઠવાડિયે તેના નિયમોમાં 'આયુષ આહાર' નામની નવી શ્રેણીની જાહેરાત પણ કરી છે. આનાથી હર્બલ ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સના ઉત્પાદકોને મોટા પ્રમાણમાં સુવિધા મળશે. આ જ રીતે એક વિશેષ 'આયુષ માર્ક' બનાવવામાં આવનાર છે. આ ચિહ્ન ભારતમાં બનેલા ઉચ્ચતમ ગુણવત્તાવાળા આયુષ ઉત્પાદનો પર લગાવવામાં આવશે. આ આયુષ ચિહ્ન આધુનિક ટેકનોલોજીની જોગવાઈઓથી સજ્જ હશે. આ માર્ક થકી વિશ્વભરના લોકોને ગુણવત્તાયુક્ત આયુષ ઉત્પાદન હોવાનો વિશ્વાસ પ્રાપ્ત થશે.

વડાપ્રધાનએ મહત્ત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે દેશભરમાં આયુષ ઉત્પાદનોના પ્રમોશન, સંશોધન અને ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આયુષ પાર્કનું નેટવર્ક વિકસાવવામાં આવશે. આ આયુષ પાર્ક થકી ભારતમાં આયુષ ઉત્પાદનોને નવી દિશા મળશે.

મોરેશિયસના વડાપ્રધાન પ્રવિન્દ જગન્નાથે કહ્યું હતુ કે ઉૐના અંદાજ પ્રમાણે વિશ્વની ૮૦ ટકા વસ્તી પરંપરાગત દવાઓનો ઉપયોગ કરે છે. ભારત પરંપરાગત દવા પ્રણાલીમાંથી ઉદ્દભવતા ઉપચારની સત્તાવાર રીતે માન્યતા દર્શાવી રહ્યું છે. સામાજિક - સાંસ્કૃતિક પ્રથાઓ અને ટ્રેડીશનલ દવાની વિવિધતાનો વારસો ટકાવી રાખવો તેના વિકાસ માટે ખુબ જ જરૂરી છે.

જામનગર ખાતે વિશ્વના સૌ પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન-ય્ઝ્રસ્નું ભૂમિપૂજન સફળતાપૂર્વક સંપન્ન થયું તેના માટે ગુજરાતને અભિનંદન પાઠવતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોવિડ-૧૯ની મહામારીના સમયગાળા દરમ્યાન ભારત દ્વારા મોરેસિયસને જે આયુર્વેદ ક્લિનિકની સુવિધાઓ પૂરી પાડી હતી તેના માટે તેઓએ ભારતના વડાપ્રધાન મોદી અને ભારતીયોનો આભાર માન્યો હતો. ભારત અને મોરેશિયસ ટ્રેડીશનલ મેડિસીનની ઉપયોગીતા વિશે સમાન મૂલ્યો ધરાવે છે. આ કાર્યક્રમના સુંદર આયોજન બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, આયુષ મંત્રાલય અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. દર વર્ષે ધનતેરસની ઉજવણી સમગ્ર મોરેશિયસમાં આયુર્વેદ દિવસ તરીકે કરવામાં આવે છે તેની ભૂમિકા પણ તેમણે આપી હતી. ગુજરાતમાં ભવ્ય સ્વાગત બદલ તેમણે સૌ ગુજરાતીઓનો આભાર માન્યો હતો.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના ડાયરેક્ટર જનરલ ડૉ. ટેડ્રોસ આધનોમે ગુજરાતીમાં સંબોધનની શરૂઆત કરીને લોકોના દિલ જીતી લીધા હતા. તેમણે પોતાનું સંબોધન શરૂ કરતા પહેલા પૂજ્ય ગાંધી બાપુને યાદ કર્યા હતા અને કહ્યું કે મને મહાત્મા ગાંદીની ભૂમી પર આવવાનું સૌભાગ્ય મળ્યુ છે. આ અવસરે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨માં ઉપસ્થિત મહાનુભાવોને સંબોધતા જનરલ ટેડ્રોસ આધનોમે જણાવ્યું હતું કે વિશ્વ એક પરિવાર છે ત્યારે આપણા સમાજને વિરાસતમાં મળેલા સ્વાસ્થ અંગેના જ્ઞાનથી તમામ લોકોને લાભાન્વિત કરવા જોઈએ. વિશ્વ આરોગ્ય સંગઠન તેનું પાલન પણ કરી રહ્યું છે.